કેન્દ્રીય ભૂગર્ભ જળ બોર્ડના અહેવાલમાં ઘટસ્ફોટ

# દરિયાનું પાણી સુરતના પેટાળમાં ઊતરી રહ્યું છે

**ગુજરાતના** ભૂગર્ભ જળમાં ખારાશ અને રસાયણોનો ખતરો વધ્યો

**કેટલાક** વિસ્તારોમાં યુરેનિયમનું વધતું પ્રમાણ ચિંતાજનક



સુરત : સીજીડબ્લ્યુબી વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક અહેવાલમાં દેશના ભૂગર્ભ જળની ચિંતાજનક સ્થિતિ સામે આવી છે. અહેવાલ અનુસાર ગુજરાતના ભૂગર્ભ જળમાં ખારાશ, નાઈટ્રેટ અને અન્ય રસાયણોની માત્રા વધી રહી છે. ખાસ કરીને સૂરત જેવા તટીય વિસ્તારોમાં સમુદ્રનું ખારું પાણી જમીન હેઠળના જળસ્ત્રોતોમાં પ્રવેશી રહ્યું હોવાનું સામે આવ્યું છે.

અહેવાલ મુજબ દેશનું આશરે ૨૮.૩ ટકા ભૂગર્ભ જળ હવે પીવાના પાણી માટે નક્કી કરાયેલા બીઆઈએસ ધોરણો પર ખરુ ઊતરતું નથી. તેમાં સૌથી ચોંકાવનારી બાબત યુરેનિયમ પ્રદૂષણને લઈ સામે આવી છે. સીજીડબ્લ્યુબીના અહેવાલ મુજબ રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ગુજરાત, તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને કર્ણાટકના કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળમાં યુરેનિયમનું પ્રમાણ સલામત મર્યાદાથી વધુ નોંધાયું છે. નિષ્ણાતો મુજબ લાંબા સમય સુધી આવા પાણીનો ઉપયોગ માનવ આરોગ્ય માટે ગંભીર ખતરો ઊભો કરી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે યુરેનિયમ અને ફ્લોરાઈડ જેવી હાનિકારક તત્વોની વૃદ્ધિ પાછળ બે મુખ્ય કારણો જવાબદાર છે. પ્રથમ ભૂગર્ભીય કારણો છે, જેમાં પથ્થરો અને ખનિજોના કુદરતી ક્ષયથી આ તત્વો પાણીમાં ભળી જાય છે. જ્યારે બીજું કારણ માનવસર્જિત છે. ખેતીમાં ખાતરો અને રાસાયણિકોના અતિરેક ઉપયોગને કારણે નાઈટ્રેટનું પ્રમાણ વધી રહ્યું છે. ઉપરાંત, ઊંડા બોરવેલ મારફતે સતત પાણી ખેંચાતા જમીનની ઊંડાઈમાં રહેલા ભારે ધાતુઓ ઉપરની જળસ્તરોમાં આવી રહ્યા છે.

### સુરત અને દક્ષિણ ગુજરાતમાં સમુદ્રી ખારાશ સાથે ઔદ્યોગિક પ્રદૂષણ પણ જવાબદાર

અહેવાલમાં ગુજરાતના તટીય અને અર્ધ-શુષ્ક વિસ્તારોની સ્થિતિને નાજુક ગણાવવામાં આવી છે. રાજ્યમાં ખાસ કરીને ખારાશ અને ઇલેક્ટ્રિકલ કંડક્ટિવિટીની સમસ્યા વધી રહી છે. સૂરત જેવા તટીય અને ઔદ્યોગિક શહેરોમાં ભૂગર્ભ જળની ગુણવત્તા પર બેવડો દબાણ ઉભો થયો છે. તટીય વિસ્તાર હોવાના કારણે અહીં સમુદ્રી પાણી જમીન નીચેના જળસ્ત્રોતોમાં પ્રવેશી રહ્યું છે, જેને 'સીવોટર ઇન્ટ્રુઝન' તરીકે ઓળખવામાં આવે છે. તેના કારણે પાણીમાં ખારાશનું પ્રમાણ વધી રહ્યું છે. બીજી તરફ ઔદ્યોગિક વિસ્તારોમાં નાઇટ્રેટનું પ્રમાણ પણ બીઆઇએસ દ્વારા નક્કી કરાયેલી ૪૫ મિલીગ્રામ પ્રતિ લિટરની મર્યાદા કરતાં વધુ નોંધાયું છે.

### સુરત માટે ભવિષ્યમાં પરિસ્થિતિ ગંભીર બનવાની શક્યતા

અહેવાલમાં જણાવાયું છે કે ગુજરાતના જે વિસ્તારોમાં પાણીનો ઉપસાવ રિચાર્જ કરતાં વધુ છે, ત્યાં ભૂગર્ભ જળમાં યુરેનિયમનું પ્રમાણ ૩૦ પીપીબીની સલામત મર્યાદા વટાવી રહ્યું છે. રાજ્યના પાણીના નમૂનાઓમાં ફ્લોરાઇડની વધુ માત્રા ૧૩.૯૨ ટકા અને નાઇટ્રેટની વધુ માત્રા ૧૮.૦૪ ટકા નોંધાઈ છે. જોકે અહેવાલમાં સૂરત જિલ્લાને અત્યંત પ્રભાવિત શ્રેણીમાં મૂકવામાં આવ્યો નથી, પરંતુ ઝડપથી વધી રહેલા શહેરીકરણ, ઉદ્યોગોના વિસ્તરણ અને વધતા ભૂગર્ભ જળ ઉપયોગને કારણે ભવિષ્યમાં પરિસ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### નાઇટ્રેટથી કેન્સર, યુરેનિયમથી આંતરડાના રોગોનું જોખમ

વિશેષજ્ઞો અનુસાર ભૂગર્ભ જળમાં વધતા પ્રદૂષકો માનવ આરોગ્ય માટે ગંભીર જોખમ ઉભું કરી રહ્યા છે. પાણીમાં નાઇટ્રેટનું વધતું પ્રમાણ 'બ્લૂ બેબી સિન્ડ્રોમ' તેમજ કેન્સર માટે જવાબદાર બની શકે છે. જ્યારે આર્સેનિક ફેફસા, મૂત્રાશય અને ચામડીના કેન્સરનું જોખમ વધારે છે. યુરેનિયમના કારણે આંતરડાના કેન્સરનું જોખમ વધે છે. તે ઉપરાંત કાર્બોનેટ, બાઇકાર્બોનેટ અને વધુ કઠોરતા કિડનીમાં પથરી સર્જી શકે છે, જ્યારે સીસું અને લોખંડની વધુ માત્રા કિડની, લિવર અને હૃદયને નુકસાન પહોંચાડી શકે છે. સૂરત જેવા શહેરોમાં બાગાયત અને અન્ય ઉપયોગ માટે પણ ભૂગર્ભ જળનો ઉપયોગ થતો હોવાથી પ્રદૂષિત તત્વો ખાદ્ય શ્રેણી મારફતે માનવ શરીરમાં પ્રવેશી રહ્યા હોવાનું નિષ્ણાતોએ જણાવ્યું છે.

### રેઇન વોટર હાર્વેસ્ટિંગ અને વધુ વૃક્ષારોપણની જરૂરિયાત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના નિવૃત્ત વિભાગાધ્યક્ષ પ્રો. એસ.કે. ટાંકના જણાવ્યા મુજબ, પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે વરસાદી પાણીના સંગ્રહ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ, વધુ વૃક્ષારોપણ અને ભૂગર્ભ જળ રિચાર્જ માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવાની જરૂર છે.

# જેલમાંથી ભાગી ગયા બાદ 12 વર્ષ સુધી ફિલ્મોમાં કામ કર્યું



**પેરોલ** જમ્પ કર્યા પછી અમિતાભ અને આમિરખાન સાથે પણ ફિલ્મમાં કામ કર્યું

**રૂપેરી** પડદાંના કલાકારની ફિલ્મ જેવી જ અસલી કહાની બહાર આવી

અમદાવાદ : રૂપેરી પડદાના કલાકારની ફિલ્મ સ્ટોરી જેવી જ સત્ય હકીકત બહાર આવી છે. 12 વર્ષ સુધી ચાલેલી આ ઘટના ફિલ્મી કહાનીથી કમ નથી તેમ પણ કહી શકાય એવું છે. આ ઘટનાની મળતી માહિતી અનુસાર વર્ષ 2005માં આરોપી હેમંત મોદી વર્ષ 2005માં નરોડામાં પાર્શ્વનાથ ટાઉનશીપમાં રહેતો હતો. આ દરમિયાન તેણે તેના ભાઈ સચિન મોદી, મિત્ર હિતેશ જાદવ, અશોક જાદવ, જયેશ શ્રીમાળી, પ્રવીણ સથવારા અને રોહિત રાઠોડે ભેગા મળીને રસ્તા પર સીડી મૂકવા બાબતે નરેન્દ્ર કામ્બલે અને રામા ભાઈ પટેલ સાથે ઝઘડો કર્યો હતો. આ ઝગડા દરમિયાન આરોપી સહિત 7 લોકોએ મળીને નરેન્દ્રની હત્યા કરી હતી. હત્યા કેસમાં વર્ષ 2008માં કોર્ટે તમામ આરોપીને આજીવન કેદની સજા ફટકારી હતી. આરોપી વર્ષ 2014માં જેલમાંથી 30 દિવસ બહાર રહ્યા બાદ નાસી ગયો હતો. આરોપી શરૂઆતમાં અમદાવાદ છોડીને નાસી ગયો હતો. આરોપીએ નામ બદલીને નાટકમાં કામ શરૂ કર્યું હતું. જે બાદ સફળતા મળતા ગુજરાતી મૂવી અને હિન્દી મૂવી તથા વેબ સિરીઝમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. આરોપીએ 40થી વધુ બોલિવુડ ને ગુજરાતી ફિલ્મ, સીરિયલ, નાટક અને વેબ સિરીઝમાં કામ કર્યું છે. હાલમાં પણ મોટી બાની નાની વહુ ફિલ્મમાં કામ કરતો હતો. આરોપી અમદાવાદના ઘીકાંટામાં આવ્યો ત્યારે તેની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછ કરતા જે સત્ય સામે આવ્યું તે જાણી ક્રાઇમ બ્રાંચ પણ ચોંકી ઉઠી હતી. મુંબઈની ફિલ્મી દુનિયામાં 12 વર્ષ સુધી એક્ટિંગ કરનાર ગુજરાતી હીરો ખૂની નીકળ્યો. જેણે આમિર ખાન, સની દેઓલ, હિતુ કનોડિયા અને હિતેન કુમાર જેવા દિગ્ગજો જોડે કામ કર્યું છે. આજીવન કેદની સજા થતાં તેણે તેનું જીવન જેલમાં જ પસાર થવાનું છે તેમ કહીને પત્નીને પણ છૂટાછેડા આપી દીધી હતા.

### પેરોલ જમ્પ કરી ફરાર થઇ ગયો

હેમંત નગીનદાસ મોદીએ વર્ષ 2005માં નરોડા વિસ્તારમાં હત્યાનો ગુનો આચર્યો હતો. કેસ ચાલ્યા બાદ કોર્ટે તેને આજીવન કેદની સજા ફટકારી હતી.ત્યારબાદ તેને મહેસાણા જેલમાં મોકલવામાં આવ્યો હતો.જેલમાં સજા ભોગવતા ભોગવતા હેમંત સંપૂર્ણપણે તૂટી ગયો હતો. તેણે પોતાની પત્નીને કહી દીધું હતું કે હવે મારું આખું જીવન જેલમાં જ પસાર થવાનું છે. આ વાત સાથે તેણે પત્નીને છુટાછેડા પણ આપી દીધા હતા, પરંતુ છુટાછેડા બાદ હેમંતના મનમાં ફરીથી જીવન જીવવાનો વિચાર આવ્યો. વર્ષ 2014માં પેરોલ પર બહાર આવ્યા બાદ તેણે જેલમાં પરત જવાની જગ્યાએ સીધો પેરોલ જમ્પ કરી દીધો અને ફરાર થઈ ગયો.

### મુંબઈ જઈ અભિનેતા બની ગયો

ફરાર થયા બાદ હેમંત મુંબઈ પહોંચી ગયો હતો. જ્યાં તેણે પોતાની ઓળખ છુપાવી ફિલ્મ અને નાટ્ય જગતમાં કામ શરૂ કર્યું હતું. ચોંકાવનારી વાત એ છે કે વર્ષો સુધી આરોપી ફિલ્મો, સિરીઝ અને નાટકોમાં અભિનય કરતો રહ્યો છતાં પોલીસ પણ તેને ઓળખી શકી નહોતી.તપાસમાં સામે આવ્યું છે કે હેમંત મોદીએ ઠગ્સ ઓફ હિન્દુસ્તાન, જયેશભાઈ જોરદાર સહિત અનેક ફિલ્મોમાં કામ કર્યું હતું. સાથે જ અલગ અલગ નાટકો અને સિરીઝમાં પણ તેણે અભિનય કર્યો હતો. ફિલ્મી દુનિયામાં એક સામાન્ય સ્ટ્રગલિંગ એક્ટર તરીકે જીવતો હેમંત હકીકતમાં હત્યાના ગુનામાં સજા પામેલો ફરાર આરોપી હતો.

### આ જાણીતી ફિલ્મમાં કામ કર્યું

લાહોર 1947, ઠગ્સ ઓફ હિન્દુસ્તાન, જયેશભાઇ જોરદાર, એલ2: એમ્પુરાન, ફૂલસ્ટોપ, 53મું પાનું, કોઠી 1947, મલુમાડી

# પીપોદરાના સિમેન્ટ યુનિટો પ્રદૂષણ ફેલાવતા હોવાનો આક્ષેપ

**ગ્રામ** પંચાયતે કલેક્ટર અને જીપીસીબીને કરી રજૂઆત

સુરત : ઓલપાડ તાલુકાના પીપોદરા ગામ ખાતે ગામતળથી અંદાજે ૨૦૦ મીટરની અંદર ધમધમતા સિમેન્ટ પ્રોડક્ટ યુનિટોથી ફેલાતા પ્રદૂષણને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોના આક્ષેપ મુજબ અલ્ટ્રાટેક, એસી પ્લસ રેડીમિક્સ અને એસી સિમેન્ટ પ્રોડક્ટ જેવા યુનિટોમાંથી સતત ઉડતી સિમેન્ટની રજકણો ગામમાં પ્રસરી રહી છે, મામલે પીપોદરા ગ્રામ પંચાયત દ્વારા જિલ્લા કલેક્ટર તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ સિમેન્ટ પ્રોડક્ટ બનાવતા કારખાનાઓમાંથી ૨૪ કલાક હવામાં ઉડતી રજકણો ગામના રહેણાંક વિસ્તારો સુધી પહોંચે છે. ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો તેમજ યુવાઓમાં શ્વાસ સંબંધિત તકલીફો વધવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

ગામલોકોનું કહેવું છે કે ઘરોની અંદર પણ ધૂળ જેવી સિમેન્ટની પાતળી પરત જામી જાય છે, જેના કારણે દૈનિક જીવન પ્રભાવિત થઈ રહ્યું છે. ગ્રામજનોના આક્ષેપ અનુસાર સિમેન્ટ પ્રોડક્ટ ભરેલા ભારે વાહનો રસ્તામાં પણ સામગ્રી ઠાલવતા જાય છે, જેના કારણે રસ્તાઓને નુકસાન થવાની સાથે દ્વિચક્રી વાહનચાલકો માટે અકસ્માતનો ખતરો ઉભો થયો છે. ખાસ કરીને બાઈકચાલકોની આંખોમાં સિમેન્ટની રજકણો પડતાં અકસ્માત સર્જાવાની શક્યતા વધી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

### ગ્રામ પંચાયતે યુનિટોને આપી નોટિસ

પીપોદરા ગ્રામ પંચાયત દ્વારા અગાઉ ગ્રામજનોની અરજીના અનુસંધાને સંબંધિત યુનિટોને નોટિસ આપવામાં આવી હતી. અલ્ટ્રાટેક, એસી પ્લસ રેડીમિક્સ અને એસી સિમેન્ટ પ્રોડક્ટ આ તમામ યુનિટો બ્લોક નંબર ૨૮૯ (નવો બ્લોક નં. ૨૯૬) વિસ્તારમાં આવેલ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ઉપરાંત જર્નાદન સિમેન્ટ હાઉસ નામનો અન્ય પ્લાન્ટ પણ વિસ્તારમાં કાર્યરત હોવાનું ગ્રામ પંચાયતે નોંધ્યું છે.

### "GPCBની મંજૂરી છે" એવો યુનિટ સંચાલકોનો જવાબ

ગ્રામ પંચાયતના દસ્તાવેજો મુજબ નોટિસના જવાબમાં સંબંધિત યુનિટ સંચાલકોએ જણાવ્યું હતું કે તેમને આવા કારખાનાઓ ચલાવવા માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી પરવાનગી આપવામાં આવી છે. જોકે ગ્રામજનોનું કહેવું છે કે કાયદેસરની મંજૂરી હોવા છતાં રહેણાંક વિસ્તારની નજીક થતાં પ્રદૂષણથી લોકોના આરોગ્યને જોખમ ઉભું થયું છે.

# ફ્રી ફાયર ગેમ રમવા 3 સગીર ભાઈ-બહેને ઘર છોડ્યું

**સુરતના** પરિવારનાં બાળકો ઘરમાંથી 15,000 રૂપિયા પણ ચોરી ગયા

**વેડ** રોડનાં બાળકો મુંબઈની ટ્રેનમાં બેસી રવાના થયાં

સુરત : સુરત શહેરના વેડરોડ, પંડોળમાં આવેલી સહયોગ પાવર લુમ્સ સોસાયટીના એક ઘરમાંથી એક સાથે 3 સગીર ભાઈ-બહેનો ગુમ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. 14 વર્ષનો મોટો દીકરો, 11 વર્ષનો નાનો દીકરો અને માત્ર 9 વર્ષની નાની દીકરી 19 મે, 2026ની મધ્યરાત્રિએ આશરે 01:30થી સવારના 05:30 વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈને પણ કહ્યા વગર ઘરે ચાલ્યા ગયા છે.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ બાળકોને 'ફ્રી ફાયર' ગેમ રમવાની ભયંકર આદત પડી ગઈ હતી. પિતાએ ઓનલાઈન ગેમિંગના આ દૂષણથી બાળકોને બચાવવા માટે મોબાઈલમાંથી સીમકાર્ડ કાઢી ફોન કબાટમાં સંતાડી દીધો હતો. જે વાત બાળકોને એટલી હદે લાગી આવી કે તેઓ ઘર છોડીને ભાગી ગયા છે જેનો હજુ સુધી કોઈ પતો લાગ્યો નથી. ત્યારે આ કિસ્સો માતા-પિતા માટે લાલબત્તી સમાન છે.

બાળકોના લાચાર પિતાએ જણાવ્યું હતું કે, હું ગયા મહિનાની 27-28 તારીખે વતન ગયો હતો. મારો મોબાઈલ અહીં જ રહી ગયો હતો, જેનો ઉપયોગ મારો દીકરો કરતો હતો.

હું વતનથી પરત આવ્યો ત્યારે મારી પત્નીએ ચિંતા વ્યક્ત કરી કે બાળકો બગડી રહ્યા છે અને દિવસ-રાત ફ્રી ફાયર ગેમ રમે છે. બાળકોના પિતાએ વધુમાં જણાવ્યું હતું કે, મેં ક્યારેય બાળકો પર હાથ નથી ઉપાડ્યો કે નથી ગાળો આપી. બસ, ગેમ રમવા ન મળી એટલે આ પગલું ભર્યું. બાળકો પહેલા ભણતા હતા, પણ અહીં આવ્યા પછી તેઓ સ્કૂલે પણ નહોતા જતા અને આખો દિવસ ગેમમાં જ ડૂબેલા રહેતા હતા. રાત્રે જ્યારે એક-કે બે વાગ્યે નિંદર ઉડે તો પણ બાળકો ગેમ રમતા જોવા મળતા હતા. 19 મેની સવારે આશરે 4:00 વાગ્યે તેઓ નીકળી ગયા. જતાં જતાં એ લોકો પરિવારને કહીને ગયા હતા કે 'અમે ખાવાનું બનાવી દીધું છે, તમે લોકો ખાવાનું ખાઈ લેજો.' તેઓ પપ્પાના ગુસ્સાથી પરેશાન થઈને ચાલ્યા ગયા હતા.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### સ્તનમાં સોજો

ક્યારેક દૂધ સ્તન મા સુકાઇ ને ગાંઠ બનાવે છે. ઈન્દ્રામણા ના વેલા ચોમાસા પછી સૂકાવા માંડે છે, ત્યારે મૂળ કાઢી સાચવી રાખવા. આ મૂળ પાણીમાં ઘસી તેનો લેપ સ્તન પર કરવો.

# સુરતમાંથી બોગસ હોસ્પિટલ પકડાઈ

**બે સંચાલકો** સામે ગુનો દાખલ કરવામાં આવ્યો

ગાંધીનગર : રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ધ ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ અને ધ ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એક્ટ-1963 હેઠળ જિલ્લા તથા તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા ખાનગી હોસ્પિટલ અને ક્લિનિકોની નિયમિત તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

આ અભિયાન અંતર્ગત તા. 20 મે, 2026ના રોજ સાંજે આશરે 6:45 કલાકે તાલુકા આરોગ્ય અધિકારી ડો. ચિરાગ કે. પટેલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. રાજેશ કે. ગુર્જરે ઓલપાડ તાલુકાના અટોદરા ચોકડી, સાયણ-ઓલપાડ રોડ પર આવેલી શ્રી હેલ્થ કેર ક્લિનિક તથા વંશ હોસ્પિટલની તપાસ કરી હતી.

તપાસ દરમિયાન હોસ્પિટલ અને ક્લિનિકમાં હાજર સ્ટાફ તેમજ ડોક્ટરો પાસેથી ડિગ્રી અને લાયકાત સંબંધિત સર્ટિફિકેટ માંગવામાં આવ્યા હતા. જોકે સંબંધિત વ્યક્તિઓ જરૂરી ડિગ્રી સર્ટિફિકેટ રજૂ કરી શક્યા નહોતા.આ અંગે તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા સ્થાનિક પોલીસની મદદ માંગવામાં આવી હતી.

ત્યારબાદ ઓલપાડ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.બી. દેસાઈ અને તેમની ટીમ સ્થળ પર પહોંચી વધુ પૂછપરછ હાથ ધરી હતી.તપાસ દરમિયાન શ્રી હેલ્થ કેર ક્લિનિકના સંચાલક ચાંદની ગુપ્તા તથા વંશ હોસ્પિટલના સંચાલક આર.એસ. વાજા યોગ્ય લાયકાત વગર ક્લિનિક અને હોસ્પિટલ ચલાવતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. આ મામલે આરોગ્ય વિભાગ અને પોલીસ તંત્રએ સંયુક્ત કાર્યવાહી હાથ ધરી બંને સંસ્થાઓ સામે એફઆઈઆર નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે.

આરોગ્ય વિભાગે સ્પષ્ટ જણાવ્યું છે કે કાયદા મુજબ હોસ્પિટલ અને ક્લિનિકનું રજીસ્ટ્રેશન ફરજીયાત છે તેમજ લાયકાતપ્રાપ્ત મેડિકલ સ્ટાફ વિના સારવાર કામગીરી ચલાવવી કાયદેસરની ગુનાહિત બાબત ગણાય છે.

# તરસાડીમાં વીજચોરો ઊંઘતા હતા ત્યારે જ DGVCLની ટીમ ત્રાટકી

**વહેલી** સવારે 25થી વધુ ગાડીઓ સાથે વિજિલન્સ ત્રાટક્યું

**સીધી** વીજચોરી અને મીટર સાથે ચેડાં બહાર આવ્યાં



સુરત : દક્ષિણ ગુજરાત વીજ કંપની (DGVCL) દ્વારા આજે વહેલી સવારે સુરત જિલ્લાના તરસાડી નગર વિસ્તારમાં વિજિલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં મોટી સંખ્યામાં વીજ ચોરી ઝડપાઈ હતી, જેના પગલે સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. ચેકિંગ સવારે 07:25 વાગ્યાની આસપાસ શરૂ થયું હતું.

આ મેગા ડ્રાઈવમાં સુરત સિટી અને વલસાડ વિજિલન્સની સંયુક્ત ટીમો સામેલ હતી. વીજ ચોરીના ગઢ ગણાતા વિસ્તારોને નિશાન બનાવવા માટે DGVCLનો 25થી વધુ ગાડીઓનો કાફલો એકસાથે તરસાડી નગરમાં ઉતારવામાં આવ્યો હતો, જેથી કોઈ વીજ ચોરને બચવાની તક ન મળે.

તરસાડી નગરના દાદરી વિસ્તાર, ચિસ્તીનગર અને આરજૂ રેસીડેન્સી સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં ટીમો દ્વારા સઘન સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન અનેક મકાનો અને કનેક્શનોમાં ખુલ્લેઆમ થતી ડાયરેક્ટ વીજ ચોરી તેમજ મીટર સાથે કરાયેલી છેડછાડના કિસ્સાઓ સામે આવ્યા હતા.

વીજ કંપનીની ટીમે જીપીએસ લોકેશન સાથેના પુરાવાઓ એકત્ર કરીને ગેરકાયદેસર કનેક્શનો ઝડપી પાડ્યા હતા. હાલમાં, વિજિલન્સની ટીમો દ્વારા ઝડપાયેલા તમામ વીજ ચોરો વિરુદ્ધ પંચનામા કરી, કાયદેસરના કેસ આંકવાની અને મોટા દંડ ફટકારવાની કાર્યવાહી તેજ ગતિએ હાથ ધરવામાં આવી છે.

તંત્રની આ કડક કાર્યવાહીથી ગેરકાયદેસર વીજ જોડાણ વાપરનારાઓમાં ભારે દોડધામ મચી ગઈ છે અને ભવિષ્યમાં વીજ ચોરી અટકાવવા માટે આ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

### આ વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરાઇ

દાદરી વિસ્તાર
ચિસ્તીનગર
આરજૂ રેસીડેન્સી

## ખેતીવાડી અધિકારી અને ખાતર-બીજના ડિલર્સ વચ્ચે સાંઠગાંઠ

સુરતઃ સુરત જિલ્લાના ઓલપાડ અને ચોર્યાસી તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં ખેતીવાડી વિભાગના અધિકારીઓ અને ખાતર-બીજના ડીલરો વચ્ચેના મેળાપીપણાંથી ખેડૂતો સાથે છેતરપિંડી થતી હોવાના આક્ષેપો થયા હતા. ગુજરાત સરકારના મુખ્યમંત્રીને લેખિતમાં પુરાવા સાથે રજૂઆત કરી તાત્કાલિક તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. જે સંદર્ભે સરકાર દ્વારા તપાસના આદેશ કરાયા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા સુરત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ખેડૂતોને ખેતી માટેની સામગ્રી, સહાય યોજનાઓ તેમજ કૃષિ સંબંધિત પ્રક્રિયાઓમાં ગેરરીતિઓનો ભોગ બનવું પડી રહ્યું હોવાનું જણાવાયું હતું. કોંગ્રેસના નેતાએ આક્ષેપ કર્યો હતો કે ખેતીવાડી વિભાગના કેટલાક અધિકારીઓ અને ડીલરો વચ્ચેની સાંઠગાંઠના કારણે ખેડૂતોને આર્થિક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. આ રજૂઆતને ગંભીરતાથી લઈને મુખ્યમંત્રી કાર્યાલયે પણ કાર્યવાહી હાથ ધરી છે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગના સેક્શન અધિકારી દ્વારા સંબંધિત મામલે નિયમોનુસાર તપાસ અને કાર્યવાહી કરવા સૂચના અપાઈ છે.

# જેલમાંથી છૂટ્યા બાદ ફરી ગાંજાનો જ ધંધો શરૂ કર્યો

**૮૪ હજારના** ગાંજા સાથે કતારગામમાંથી બિહારી ઝડપાયો

સુરત : કતારગામ પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને એક રીઢા નશાના સોદાગરને ૧.૬૭૦ કિલોગ્રામ પ્રતિબંધિત ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યો છે.

કતારગામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અજય પોપટભાઈને મળેલી બાતમીના આધારે કતારગામ પોલીસની ટીમે ઉત્કલનગર ઝૂંપડપટ્ટી, અંબાજી મહોલ્લામાં આવેલી પતરાવાળી ખોલીની બહાર વોચ ગોઠવી દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે અગાઉ પણ બે વખત ગાંજાના ગુનામાં પકડાઈ ચૂકેલા રીઢા આરોપી રઘુરાજસિંહ ઉર્ફે રઘુ રોકડા શુભકાંતસિંહ ઠાકુર (ઉ.વ.૩૯, ધંધો-મજૂરી, હાલ રહે. કતારગામ જી.આઈ.ડી.સી. જાહેર શૌચાલયની બાજુમાં, ફૂટપાથ પર, મૂળ વતન- બિહાર) ને કોર્ડન કરી ઝડપી લીધો હતો.પોલીસે ઝડપાયેલા આરોપી રઘુ રોકડાની તલાશી લેતા તેની પાસેથી રૂ. ૮૩,૫૦૦/- ની કિંમતનો ૧.૬૭૦ કિલોગ્રામ પ્રતિબંધિત ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

## સુડોકુ ૭૨૨૭ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | ૬ | ૧ | ૩ | ૭ | |
| | | ૫ | | ૭ | ૩ | | ૮ | |
| | ૧ | ૭ | ૨ | ૪ | | ૫ | ૬ | ૯ |
| ૮ | | | | | | ૪ | | ૬ |
| ૫ | | | ૩ | | ૪ | ૮ | ૧ | |
| | | ૩ | ૭ | ૮ | ૬ | ૨ | | |
| ૬ | | ૪ | | | ૭ | ૯ | ૨ | ૧ |
| ૯ | | | ૬ | ૫ | ૨ | | ૪ | |
| ૭ | ૮ | ૨ | | ૧ | ૯ | ૬ | ૫ | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## શબ્દગુંફન - ૭૨૨૬

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. અન્નાહારી (૪)
૫. હાજર હોવું તે (૩)
૭. સુવાસ પ્રસરવી તે (૫)
૧૦. કંગાળ, રાંક (૩)
૧૨. શરીર (૨)
૧૩. ઝાડ (૨)
૧૪. મૂંગુ (૨)
૧૫. પીડવું તે (૩)
૧૬. કરામત (૨)
૧૭. પ્રથા, રિવાજ (૩)
૧૮. દસેક કિલોમીટરનું અંતર (૩)
૧૯. પ્રતિજ્ઞા (૨)
૨૦. કબૂતર (૩)
૨૨. ઘટ, ખોટ (૩)
૨૪. શિયાળુ પાક (૨)
૨૫. સંતોષ (૪)
૨૬. એક ફળ (૪)
૨૮. પૈસો (૨)
૨૯. આનંદ (૨)
૩૦. રહેઠાણ (૩)

**ઊભી ચાવી**

૨. હંમેશ (૩)
૩. વીસ ઘા કાગળ (૨)
૫. દુકાન, ગુજરી (૨)
૬. બૂમાબૂમ (૫)
૮. ગૃહ, મકાન (૨)
૯. સની દેઓલની એક ફિલ્મ (૩)
૧૦. આરપાર દેખાય તેવું (૫)
૧૧. એક વનસ્પતિ (૫)
૧૪. અસલ (૨)
૧૬. નાની પતંગ (૪)
૧૭. લડાઇનું મેદાન (૨)
૧૯. પારકા પૈસા (૪)
૨૧. સિપાઈ (૩)
૨૩. સામાન્ય નિયમમાં બાધ (૪)
૨૪. ચનોઠી જેટલું કદ કે વજન (૨)
૨૬. અવાજ (૨)
૨૭. પોરસ, જુસ્સો (૨)
૨૮. વાવટો, ધ્વજ (૨)

## આજનું પંચાંગ

**તા.22/05/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અધિક જેઠ
**તિથિ:** સુદ: છઠ : 06:26 પછી સાતમનો ક્ષય છે.
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ-01
**યોગ :** વૃદ્ધિ **કરણ:** ગર **નક્ષત્ર :** આશ્લેષા :26:10 સુધીમાં જન્મેલાની આશ્લેષાની શાંતિ કરાવવી.
**રાશિ:** કર્ક (ડ.હ.) 26:10 પછી સિંહ (મ.ટ.)
**દિવસ :** અશુભ જરથોસ્તનો દિશો-પા.
**સુરતમાં સૂર્યોદય :** 06:00
**સુરતમાં સૂર્યાસ્ત :** 19:10
**નવકારસી :** 06:48
**પારસી વર્ષ :** 1395 દએ માસનો 11મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 જિલ્કાદ માસનો 04થો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે 10:30 થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** વારસા બાબતે પ્રગતિ થાય. માતા-પિતા સાથે નવા ઘર બાબતે નિર્ણય લઇ શકાય. બહારનાં કામ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** શિક્ષણ, સાહિત્ય, ટેક્નોલોજી પ્રવાસને લગતાં કામ થાય. અટકેલાં કામમાં ગતિ આવે. મિત્રો સાથે મનોરંજન થાય.

**મિથુન (ક,છ,ઘ,):** મન પસંદ ભોજનનો આનંદ મળે. પરિવારમાં મેળાવડો રહે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય.

**કર્ક (ડ,હ,):** ઉત્સાહજનક સમાચાર મળે. સમાજમાં માન વધે. નોકરીમાં નવી તક મળે.આરોગ્ય સુધરે. આવક વધે.

**સિંહ (મ,ટ,):** અંગત જીવનમાં રંગીન અને રસિક મુલાકાત થાય. મોજશોખ પાછળ ખર્ચા વધશે. ગુપ્ત શત્રુઓથી સાવધાન.

**કન્યા (પ,ઠ,ણ,):** સંતાનોના કામમાં પ્રગતિ થાય. પુત્રી સંતાનથી શાંતિ મળે. શેર બજારમાં લાભ થાય. આવક વધે.

**તુલા (ર,ત,):** પિતાનો સાથ મળે. સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય ધંધામાં નવી યોજના બને.

**વૃશ્ચિક (ન,ય,):** ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં અશાંતિ વધે. સંતાનોના ભવિષ્યની યોજના બને. મિત્રોનો સાથ મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. આરોગ્ય નરમ રહે. ગુપ્ત ભય સતાવે. શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ,):** ભાગીદારીની મિટીંગ હકારાત્મક રહે. સામાજિક કામમાં યશ મળે. દાંપત્યજીવનમાં અશાંતિ વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** નોકરીમાં નવા ફેરફાર થાય. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. માતાના આરોગ્યના ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** શેર બજારમાં ધીરજ રાખવી. મિત્રો સાથે મનોરંજ થાય. આવક વધારવાની યોજના બને.

### કોઈ પણ સાલમાં 22 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી ધંધા-વ્યવસાયમાં નવી તકો અને પડકાર ઊભા થાય. ચડતી પડતી સાથે ટેક્નોલોજીનો લાભ મળતો રહે. સમાજમાં અસાંતિ છતાં માન વધે. પરિવારમાં જવાબદારી વધે. આર્થિક બાબતે. સામાન્ય રહે. ઉઘરાણી આવે. નવાં રોકાણ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. સંતાનોનાં કામ-અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અનુકૂળતા રહે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને નવી તક અને ટેક્નોલોજીથી લાભ થાય. વારસા જાયદાદ જમીન જેવાં કામ થાય. મિત્રો-વડીલોની મદદ આવક વધારવામાં મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઈ, રવિ-સોમ, બુધવાર, 14,13, 22, 31 તારીખે નવા કામ કરવાં. ભૂરા રંગનો ઉપયોગ કરવો. નવેમ્બર - ડિસેમ્બર, શનિ -શુક્રવાર, 7, 16, 25 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. રાહુના ઉપાય કરતાં રહેવું.